અપીલ અરજી નં.૨૦૫ તા.૮–૧૦–૦૮/૦૯

અરજદારઃ શ્રી ઈન્દુભાઈ દાળવાલા

સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

## હુકમઃ–

**વિષય :**–આર ટીઆઈ એકટ હેઠળ શ્રી ઈન્દુભાઈ દાળવાલાની તા.૨૦–૮–૦૮ અરજીથી વોર્ડ નં.૪ નોંધ નંબર ૧૮૮૦–૮૧ ની દક્ષીણે આવેલ નોંધ નં.૧૮૭૯ વચ્ચેની જમીન બાબત મા.મુખ્ય મંત્રીશ્રીના કાર્યાલયના તા.૯–૮–૦૬ના પત્ર નં.મુમક/પવસ/૧૬૦૫૫૯/૨૦૦૬ના પત્રના અનુસંધાને કરેલ કાર્યવાહી અને પાઠવેલ પ્રત્યુત્તરની નકલ બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૮–૧૦–'૦૮ ની અપીલ અરજી નં.૨૦૫/૨૦૦૮–૦૯

શ્રી ઈન્દુભાઈ દાળવાલાની તા.૨૦–૮–૦૮ અરજીથી વોર્ડ નં.૪ નોંધ નંબર ૧૮૮૦–૮૧ ની દક્ષીણે આવેલ નોંધ નં.૧૮૭૯ વચ્ચેની જમીન બાબત મા.મુખ્ય મંત્રીશ્રીના કાર્યાલયના ઉપરોકત પત્રના અનુસંધાને કરેલ કાર્યવાહી અને પાઠવેલ પ્રત્યુત્તરની નકલ બાબતે મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૧૦–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાન મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/૬૬૯ તા.૧૮–૧૦–૦૮ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી સી.ઝેડ/આ.નં. ૯૦૫ તા.૨૪–૧૦–૦૮ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે.

અરજદારને નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૭૧૨ તા.૧૭–૯–૦૮ થી માહિતી આપવામાં આવેલ જેનાથી જવાબની અસ્પષ્ટતાના કારણે અપીલ અરજી કરવામાં આવેલ છે. અરજદારે વોર્ડ નં.૪ નોંધ નં.૧૮૮૦–૮૧ ની દક્ષિણે આવેલ ૧૮૭૯ વચ્ચેની જમીન બાબતે મુખ્યમંત્રીના કાર્યલયના પત્રના અનુસંધાને કરેલ કાર્યવાહી અને પાઠવેલ પ્રત્યુત્તરની નકલ માંગેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા કાર્યવાહી અંગે ખોદાણ સુરત મહાનગરપાલિકાએ પુરાવેલ છે તેવી માહિતી જયારે પ્રત્યુત્તર બાબતે પત્રનો પ્રત્યુત્તર પાઠવેલ હોય તેવી નકલ મળી આવેલ નથી તેવું તેમના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૭૧૨ તા.૧૭–૯–૦૮ થી જણાવેલ છે. અરજદારે મુળ અરજીમાં પાઠવેલ પ્રત્યુત્તરની નકલની માંગણી કરેલ છે જયારે અપીલ અરજીમાં પ્રત્યુત્તર અપાયેલ છે કે કેમ? તેવી સ્પષ્ટતા માંગેલ છે તથા ખોદાણ સુરત મહાનગરપાલિકાએ પુરાવેલ નથી અને આપેલ માહિતી ખોટી છે તેવી રજુઆત કરેલ છે. અરજદારે મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયના પત્રની નકલ અપીલના તબકકે કે અરજીના તબકકે રજૂ કરેલ નથી. તેવી જ રીતે તે પત્રમાં સંદર્ભિત અરજદાર હંસાબેન ગાંધીની અરજીની નકલ પણ રજૂ કરેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારી ધ્વારા ફકત મુખ્ય મંત્રી કાર્યાલયના પત્રની નકલ રજૂ કરેલ છે. મુખ્યમંત્રી કાર્યાલય સંદર્ભ પત્ર બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા ખોદાણ કરવાનું જણાવેલ છે. જેને અરજદારે પડકારેલ છે.

મુખ્યમંત્રીશ્રી સંદર્ભના પત્ર બાબતે પૂર્તતા કાર્યવાહી ન થઈ હોય તેવું માનવાને પ્રથમદર્શી કારણ રહેતું નથી. તેમ છતાં જાહેર માહિતી અધિકારી ધ્વારા નોંધ વિભાગ પર એ અંગે મુખ્ય મંત્રી કાર્યાલયને પ્રત્યુતતર પાઠવ્યાની વિગતો રેકર્ડ પર ઉપલબ્ધ નહીં હોવાનું જણાવેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" આરટીઆઈની કલમ–૨(એફ) હેઠળ માહિતીની વ્યાખ્યામાં ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતીનો સમાવેશ થાય છે. તે ધ્યાને લેતાં અરજદારને સદર પત્ર ધરાવતી મુળ ફાઈલ તે અંગે કરેલ કાર્યવાહીની વિગત સહિતનું દફતરી ઈન્સ્પેકશન દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પુરું પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/

તારીખ : –૧૧–૦૮.

ડે.***કમિશનર(જનરલ),***

***અને એપેલેટ ઓફિસર***

***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ,***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી ઈન્દુભાઈ દાળવાલા,